"કર્મયોગી" ઍપ્લિકેશનમાં ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા તેમના અને તેમના પર આધારિત કુટુંબના સભ્યોના પાસપૉર્ટ માટે તથા કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા વિદેશ મુસાફરી માટે ના-વાંધા પ્રમાણપત્ર (NOC) માટે અરજી કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્ર: GAD/HRM/e-file/1/2024/5570/HRMS Section

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:- /૧૦/૨૦૨૪

**વંચાણે લીધા:-**

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૦૫/૨૦૨૨ નો પરિપત્ર ક્ર: HRM-102016-4522-HRMS Cell

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૦/૦૧/૨૦૨૪ નો પરિપત્ર ક્ર: એનઓસી/૧૦૮૩/૧૨૧૩/ગ.૨

(3) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૧/૦૩/૨૦૨૪ નો પરિપત્ર ક્ર: GAD/HRM/e-file/1/2024/1067/HRMS Section

**પરિપત્ર:-**

ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા તેમના અને તેમના પર આધારિત કુટુંબના સભ્યોના પાસપૉર્ટ માટે તથા કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા વિદેશ મુસાફરી માટે ના-વાંધા પ્રમાણપત્ર (NOC) મેળવવા માટે વંચાણે લીધેલ ક્ર.(૧) પરિપત્રથી "સાથી" ઍપ્લિકેશનમાં ઑનલાઇન અરજી કરવા સૂચનો કરવામાં આવેલ હતાં.

૨. વંચાણે લીધેલ ક્ર.(3) ના પરિપત્રથી "સાથી" ઍપ્લિકેશનના સ્થાને "કર્મયોગી" ઍપ્લિકેશન કાર્યરત કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્ર.(૨) ના પરિપત્રથી ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા તેમના અને તેમના પર આધારીત કુટુંબના સભ્યોના પાસપૉર્ટ માટે અદ્યતન અનુસૂચિઓ (Annexures) પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ અનુસૂચિઓ(Annexures) કર્મયોગી ઍપ્લિકેશનમાં "NOC for Passport Module" હેઠળ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

વધુમાં, સરકારી કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા વિદેશ મુસાફરી માટે ના-વાંધા પ્રમાણપત્ર (NOC) માટે ઑનલાઇન અરજીની સુવિધા પણ "કર્મયોગી" ઍપ્લિકેશનમાં "NOC for Foreign Visit Module" હેઠળ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

૩. આથી, "કર્મયોગી" ઍપ્લિકેશન હેઠળ આવરી લીધેલ ગુજરાત સરકારના તમામ કર્મચારીઓ/અધિકારીઓએ તેમના અને તેમના પર આધારિત કુટુંબના સભ્યોના પાસપૉર્ટ તથા કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા વિદેશ મુસાફરી લગત ના-વાંધા પ્રમાણપત્ર (NOC)ની અરજી સંબંધિત કામગીરી "કર્મયોગી" ઍપ્લિકેશન પર **"NOC for Passport"** અને **"NOC for Foreign Visit"** modules મારફત જ ઑનલાઇન કરવા આથી સૂચના આપવામાં આવે છે.

વધુમાં, સદરહુ સ્થાયી સૂચના હોવા છતાં, ગુજરાત સરકારના તમામ વિભાગ, ખાતાના વડા, ક્ષેત્રીય કચેરીઓ, વિગેરેના સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા તેમના હસ્તકના કર્મચારી/અધિકારીઓની ઉક્ત બાબતની ઑફલાઇન અરજીઓ સ્વીકારવામાં અને મંજૂરીના હુકમ બહાર પાડવામાં આવશે તો તેની અત્રેથી સંબંધિત અધિકારીના "કર્મયોગી" આઈ.ડી.માં અસર (effect) આપવામાં આવશે નહિ.

૪. સદર **"NOC for Passport"** અને **"NOC for Foreign Visit Modules"** ના ઉપયોગ અંગે **User/Admin Manual અને Video Guide** "કર્મયોગી" ઍપ્લિકેશન પર ઉપલબ્ધ કરાવેલ છે. ઉપર્યુક્ત Module ના ઉપયોગ સંબંધમાં કોઈ માર્ગદર્શનની જરૂરીયાત ઉભી થાય તો હેલ્પલાઈન નંબર ૦૭૯-૨૩૨-૫૮૫૭૬/૫૮૫૭૭/૫૫૮૨૩/૫૫૮૨૫ તથા karmyogi-support@gujarat.gov.in પર સંપર્ક કરવાનો રહેશે.

૫. "કર્મયોગી" ઍપ્લિકેશનમાં **"NOC for Passport"** અને **"NOC for Foreign Visit Modules"** ઉપલબ્ધ કરતા, વંચાણે લીધેલ ક્ર.(૧)ના પરિપત્રની "સાથી" ઍપ્લિકેશનમાં સદરહુ Modulesના ઉપયોગ કરવાની સૂચનાઓ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મહેતા)

Signature Not Verified
Signed by: Ronak Mehta
Joint Secretary (In charge)
Date: 2024.10.18 16:22:29 +05:30

File No: GAD/HRM/e-file/1/2024/5570/HRMS Section
Approved By: Additional Chief Secretary,GAD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

સંયુક્ત સચિવ (HRMS Cell)

સામાન્ય વહીવટ વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.)નાં રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો (તેમની શાખાઓ, તેમના હસ્તકના ખાતાના વડાઓ, કચેરીના વડાઓ તેમજ જાહેર સાહસોને ધ્યાને મૂકવા સારુ)
- સિસ્ટિમ મેનેજર, સા.વ.વિ. (વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારુ).
- સિલેક્ટ ફાઈલ (HRMS Cell)
- જનરલ સિલેક્ટ ફાઈલ